**Samvid Multidisciplinary Research Journal**

Where researchers meet their destiny...

ISSN 2582-015X



# વિવિધતામાં એકતા: ભારતમાં વિવિધ ધર્મો

Sengal Vishnubhai Ganeshbhai
PhD. Scholar & Assistant Professor
(DNP Arts & Commerce College, Deesa)
Mobile no: - 9737917395, E-mail: - vishnusengal125@gmail.com

---

**સારાંશ :-**

ભારત વિશ્વમાં એવો અનોખો દેશ રહ્યો છે જેમાં 62 જેટલી વિવિધ વિચારધારાઓ, વિવિધ ધર્મો, સંસ્કૃતિઓ, ભાષાઓ અને જીવનપદ્ધતિઓ એકબીજા સાથે સહઅસ્તિત્વમાં રહીને વિકસેલી છે. હિંદુ, બૌદ્ધ, જૈન, મુસ્લિમ, ખ્રિસ્તી, સીખ,પારસી જેવા અનેક ધર્મોના અનુયાયીઓ ભારતીય સમાજના સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક ઘડતરનો અભિન્ન ભાગ છે. દરેક ધર્મની પોતાની આગવી માન્યતાઓ, ધાર્મિક ગ્રંથો, ઉપાસના પદ્ધતિઓ, રીતિ-રિવાજો અને તહેવારો છે, જે ભારતને વૈવિધ્યસભર અને રંગબેરંગી બનાવે છે; તેમ છતાં આ તમામ વિવિધતાઓ વચ્ચે એકતાની દૃઢ ભાવના ભારતની મુખ્ય ઓળખ તરીકે સતત ટકી રહી છે. પ્રાચીન કાળથી જ ભારતીય સંસ્કૃતિએ ધાર્મિક સહિષ્ણુતા, પરસ્પર સન્માન અને ‘સર્વ ધર્મ સમભાવ’ના સિદ્ધાંતને અપનાવ્યો છે, જેના કારણે કોઈ એક ધર્મને શ્રેષ્ઠ ગણવાને બદલે તમામ ધર્મોને સમાન માન આપવામાં આવ્યું છે. ભારતીય બંધારણ પણ દરેક નાગરિકને ધર્મ સ્વીકારવાની, આચરણ કરવાની અને પ્રચાર કરવાની સ્વતંત્રતા આપે છે, જે ધાર્મિક સમાનતા, સામાજિક ન્યાય અને રાષ્ટ્રીય એકતાને મજબૂત આધાર આપે છે. તમામ ધર્મોના મૂળ સિદ્ધાંતોમાં માનવતા, શાંતિ, પ્રેમ, કરુણા, સત્ય અને અહિંસા જેવા સર્વમાન્ય મૂલ્યો સામાન્ય રીતે જોવા મળે છે, જે સમાજમાં નૈતિકતા, સહિષ્ણુતા અને સદભાવનાને પ્રોત્સાહન આપે છે. ભારતનું ધાર્મિક વૈવિધ્ય કોઈ અવરોધ નહીં પરંતુ તેની શક્તિ છે, કારણ કે વિવિધતામાં રહેલી એકતા જ રાષ્ટ્રીય અખંડિતતા, લોકશાહી મૂલ્યો અને શાંતિપૂર્ણ સહઅસ્તિત્વને સ્થિર અને સશક્ત બનાવે છે, અને આ કારણસર ભારત વિશ્વ માટે ‘વિવિધતામાં એકતા’નું પ્રેરણાદાયક મિશાલ બન્યું છે.

**મુખ્ય શબ્દો:** વિવિધતામાં એકતા, ધાર્મિક વૈવિધ્ય, ધાર્મિક સહિષ્ણુતા, સર્વ ધર્મ સમભાવ,ધાર્મિક સ્વતંત્રતા, ભારતીય સંસ્કૃતિ, સહઅસ્તિત્વ, માનવતા, સામાજિક એકતા, , બંધારણીય મૂલ્યો,

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**પ્રસ્તાવના:-**

ભારત એ વિશ્વનો એક અનોખો દેશ છે, જ્યાં 'વિવિધતામાં એકતા' એ માત્ર એક સૂત્ર નથી પણ જીવનશૈલી છે. પ્રાચીન કાળથી જ ભારત વિભિન્ન ધર્મો અને સંપ્રદાયોનું મિલનસ્થળ રહ્યું છે, જેને આપણું ભારતીય બંધારણ 'બિનસાંપ્રદાયિકતા'ના સિદ્ધાંત દ્વારા દરેક નાગરિકને પોતાનો ધર્મ પાળવાની અને સમાનતાની ગેરંટી આપે છે. અહીં હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, જૈન અને બૌદ્ધ જેવા અનેક ધર્મોના લોકો વર્ષોથી પરસ્પર પ્રેમ અને સદભાવનાથી સાથે રહે છે. ભૌગોલિક ભિન્નતા હોવા છતાં, બંધારણીય મૂલ્યો અને રાષ્ટ્રપ્રેમનો એક અદ્રશ્ય દોર તમામ ભારતીયોને એકતાના તાંતણે બાંધે છે. આ ધાર્મિક વિવિધતા જ ભારતની સાચી ઓળખ અને તેની અખંડિતતાનું મુખ્ય પ્રતીક છે.

**હિન્દુ ધર્મ:-**

'હિન્દુસ્તાનમાં વસેલા પ્રાચીન આર્યોનો ધર્મ તે હિન્દુ ધર્મ. એ આર્યો જે ધર્મ પાળતા અને એમાંથી જતે દહાડે જે ધર્મનો વિકાસ થયો, એ સર્વનો 'હિન્દુ ધર્મ'માં સમાવેશ થાય છે.'[1] હિન્દુ ધર્મમાં વસુધૈવ કુટુમ્બકમની ભાવના સમાહિત છે જેમાં સમગ્ર વિશ્વને એક પરિવાર ગણે છે. વેદાંત દર્શનમાં બૃહદરણ્યક ઉપનિષદમાં કહેવાયું છે કે "*असतो मा सद्गमय तमसो मा ज्योतिर्गमय।:*" મનુષ્યની આધ્યાત્મિક ઉન્નતિ અને અજ્ઞાનરૂપી અંધકારને ત્યજીને જ્ઞાનરૂપી તેજ મેળવવાની રજૂ કરાઈ છે. મુંડક ઉપનિષદમાં પણ કહેવાયું છે કે *"सत्यमेव जयते, नानृतम।"* જેનો અર્થ છે કે સત્યનો જ હંમેશા વિજય થાય છે અસત્યનો નહીં જેને આપણે ભારતના રાષ્ટ્રીય ચિન્હ ઉપર પણ અંકિત કર્યું છે. "*सर्वो भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया। सर्वे भद्राणी पश्यन्तु मा कश्चिद् दुःख भाग्भवेत्।।*[2] "સૌનું કલ્યાણ થાય અને કોઈ પણ વ્યક્તિ રોગ કે દુઃખથી પીડાય નહીં તેવી ઉમદા ભાવના આ પંક્તિમાં વ્યક્ત થઈ છે." તે શીખવે છે કે સાચું સુખ ત્યારે જ મળે જ્યારે આખું સમાજ સુખી હોય, માત્ર આપણે એકલા નહીં. આ મંત્ર ભારતીય સંસ્કૃતિના 'વસુધૈવ કુટુંબકમ્' (સમગ્ર પૃથ્વી એક પરિવાર છે) ના ઉદાર વિચારને રજૂ કરે છે, જે ધર્મ કે જાતિના ભેદભાવ વગર સૌના મંગળની કામના કરે છે. આમ અહીંયા હિંદુ ધર્મમાં વિવધતામાં એકતાની ભાવના જોવા મળે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

**જૈન ધર્મ:-**

જૈન ધર્મ શ્રમણ સંસ્કૃતિમાંથી ઉદ્ભવેલો ધર્મ છે. જેમાં પ્રથમ તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદિનાથ) છે અને છેલ્લા તીર્થંકર ભગવાન વર્ધમાન મહાવીર છે. જૈન ધર્મએ પાંચ સિદ્ધાંત શીખવ્યા (1)હિંસા મત કરો (2)અસત્ય ના બોલો (3) ચોરી મત કરો (4) સંગ્રહ ન કરો (5)ઇન્દ્રિય નીગ્રહ (બ્રહ્મચર્ય) નું પાલન કરો.[3] જૈન ગ્રંથ આચરાંગસૂત્રમાં કહ્યું છે કે *"जे एगं जाणेइ ते सव्वं जाणेइ" અર્થાત્ "જે કોઈ એકને જાણે છે, તે બધું જ જાણે છે; અને જે કોઈ બધાને જાણી લે છે, તે એકને જાણી લે છે." તેમજ* અનેકાંતવાદ એ જૈન ધર્મનો મુખ્ય દાર્શનિક સિદ્ધાંત છે, જે શીખવે છે કે સત્યના અનેક પાસાઓ હોય છે અને કોઈ એક દૃષ્ટિકોણ સંપૂર્ણ સત્ય હોઈ શકતો નથી. સ્યાદવાદ એ અનેકાંતવાદને વાણી દ્વારા વ્યક્ત કરવાની રીત છે, જેમાં સાત પ્રકારના દૃષ્ટિકોણ (સપ્તભંગીનય) દ્વારા સત્યને સમજાવવામાં આવે છે.આ સિદ્ધાંતો વૈચારિક સહિષ્ણુતા અને વિવિધતાને સ્વીકારવાનો પાયો નાખે છે, જેથી બે વિરોધી લાગતા વિચારો પણ પોતપોતાની રીતે સાચા હોઈ શકે છે.

**બૌદ્ધ ધર્મ:-**

બૌદ્ધ ધર્મની સ્થાપના ઈ.સ.પૂર્વે 6 સદીમાં ભગવાન બુદ્ધે ઉત્તર વૈદિકકાળ દરમિયાન વૈદિક ધર્મમાં વ્યાપેલ યજ્ઞ અને કર્મકાંડોના અને દૂષણોના પ્રતિકારરૂપે કરેલ. બૌદ્ધ ધર્મમાં महापरिनिब्बान सुत्त માં *"अप्प दीपो भव" એટલે કે* **"પોતાનો દીવો પોતે બનો."** તે સમજાવે છે કે મનુષ્યે પોતાના કલ્યાણ કે જ્ઞાન માટે અન્ય કોઈ પર નિર્ભર રહેવાને બદલે પોતાના વિવેક અને આત્મશક્તિનો આશરો લેવો જોઈએ. સાચો પ્રકાશ બહારની દુનિયામાં નહીં, પણ આપણી અંદર રહેલો છે, જે આપણને મુક્તિના માર્ગ તરફ દોરી જાય છે. બુદ્ધે "મધ્યમ માર્ગનો ઉપદેશ આપતા કહ્યું કે મનુષ્યએ અતિ ભોગવિલાસમાં ફસાવવું નહીં, તેમ કઠોળ તપ-સાધના માર્ગનું પણ કઠોર અવલંબન કરવું જોઈએ નહીં એ બંને અંતિમને છોડીને મધ્યમ માર્ગ અપનાવો જોઈએ"[4] બુદ્ધે કહ્યું, "હું જે કહું છું તેના પર ફક્ત એટલા માટે વિશ્વાસ ન કરો કે તે બુદ્ધ દ્વારા કહેવામાં આવ્યું છે. તેમના પર શંકા કરો અને વિવિધ પરીક્ષણો દ્વારા તેમનું પરીક્ષણ કરો. જીવનના સ્પર્શ પથ્થર પર તેમનું પરીક્ષણ કરો, તેમને તમારા પોતાના અનુભવો સાથે તુલના કરો. જો તમને તે સાચા લાગે, તો તેમને સ્વીકારો; નહીં તો, તેમને નકારી કાઢો."[5] બૌદ્ધ ધર્મને વિશ્વમાં સમાનતા, કરુણા, અહિંસા, વગેરે પર વિશેષ ભાર મૂક્યો છે.

**ઇસ્લામ ધર્મ:-**

ઈસ્લામ ધર્મના સ્થાપક મોહમ્મદ પયગંબર છે. “ઇસ્લામ શબ્દનો અર્થ ‘ઈશ્વરને શરણે જવું’ એવો થાય છે. ઈસ્લામ શબ્દ ‘સલમ’ માંથી ઊતરી આવ્યો છે. તેથી ઈસ્લામનો બીજો અર્થ ‘શાંતિ’ કે ‘સલામતી’ પણ થાય છે. શાંતિ એ ઇસ્લામનો મૂળ મંત્ર છે.”[6] ઇસ્લામમાં નૈતિકતા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. શત્રુઓને પણ માફી આપવામાં માને છે. અહીંયા સદકર્મોના અનુપાલન માટે ભાર મૂકવામાં આવ્યો છે. લોભ, લાલચ, ઈર્ષ્યા, અસત્ય, મધપન અને જુગારની મનાઈ છે. તે સાદાઇ, ભાઈચારામાં અને સમાનતામાં માનનારો ધર્મ છે. આમ તે સાદો અને સરળ ધર્મ છે.

**ખ્રિસ્તી ધર્મ:-**

ઈસુ ખ્રિસ્ત આ ધર્મના સ્થાપક છે. ગ્રીક ભાષાનના 'ખ્રિસ્તોસ' શબ્દ પરથી ગુજરાતીમાં ‘ખ્રિસ્ત' શબ્દ ઊતરી આવ્યો. 'મસીહ ને 'ખ્રિસ્ત' બંને શબ્દનો અર્થ અભિષિક્ત અર્થાત ઈશ્વરે અભિષેક કરી મોકલેલ પુરુષ ,મુક્તિદાતા, ઉદ્ધારક એવો થાય છે.[7] આ ધર્મ શત્રુ પર પ્રેમ, પડોશી પ્રત્યે પ્રેમ,આંતરિક શુદ્ધિ અને નમ્રતા, વગેરે ઉપદેશો માનવજાતને શાંતિ, સહિષ્ણુતા, નિઃસ્વાર્થ સેવા અને નૈતિક શુદ્ધિનો માર્ગ બતાવે છે, જે આજના સમયમાં વિશ્વશાંતિ માટે ખૂબ જ પ્રસ્તુત છે.

**શીખ ધર્મ :-**

શીખ ધર્મની સ્થાપના ઈ. સ.ના 16મા સૈકામાં ભારતમાં ગુરુ નાનકે (1469-1539) કરી.એકેશ્વરવાદ, ભ્રાતૃત્વ, ઐક્યની ભાવના, મૂર્તિપૂજા કે વ્રત-ઉપવાસ આદિ ક્રિયાકાંડ કરતાં આચારની શુદ્ધિનો ઉપદેશ અને ‘એક સત્’ નામ ઈશ્વરના નામનો જપ કરવો એ આ ધર્મનાં વિશિષ્ટ લક્ષણ છે.[૮]શીખ ધર્મ ‘એક ઓંકાર’ દ્વારા તમામ મનુષ્યોની સમાનતા અને ઈશ્વરની એકતાનો વૈશ્વિક સંદેશ આપે છે. તે પ્રામાણિક મહેનત કરવા અને પોતાની કમાણીમાંથી જરૂરિયાતમંદોને વહેંચીને મદદ કરવાના નૈતિક મૂલ્યો પર ભાર મૂકે છે. ‘લંગર’ની સેવા દ્વારા આ ધર્મ વિશ્વભરમાં જાતિ કે ધર્મના ભેદભાવ વિના ભૂખ્યાને ભોજન કરાવી માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. ‘ગુરુ ગ્રંથ સાહેબ’માં વિવિધ ધર્મોના સંતોની વાણીનો સંગ્રહ સાચી

વૈચારિક સહિષ્ણુતા અને વિવિધતામાં એકતા દર્શાવે છે. આમ, આધ્યાત્મિક શુદ્ધિ અને અન્યાય સામે નિર્ભયતાથી લડવું એ આ ધર્મનો મુખ્ય પ્રાણ છે.

**પારસી ધર્મ:-**

પારસી ધર્મ એ વિશ્વના સૌથી જૂના એકેશ્વરવાદી ધર્મોમાંનો એક છે, જેની સ્થાપના ઈરાનમાં પયગંબર ઝરથુસ્ત્ર દ્વારા બી.સી.ઈ 6ઠ્ઠી-7મી સદીમાં કરવામાં આવી હતી. આ ધર્મ આહુરા મઝદા (સર્વોચ્ચ ભગવાન) ની પૂજા પર કેન્દ્રિત છે, જેનો મુખ્ય સિદ્ધાંત "સારા વિચારો, સારા શબ્દો અને સારા કાર્યો" (હુમાતા, હુખ્તા, હ્વર્ષતા) છે. અગ્નિને ભગવાનનું પવિત્ર પ્રતીક માનીને, પારસી લોકો અગ્નિ મંદિરોમાં પૂજા કરે છે.ભારતમાં તેઓ ગુજરાતના સંજાણ બંદરે ઉતરેલા પારસીઓ "દૂધમાં સાકર ભળે તેમ" ભારતીય સંસ્કૃતિમાં એકરૂપ થઈ ગયા છે.

**નિષ્કર્ષ:-**

ભારત એ વિશ્વનો એક અનોખો દેશ છે જ્યાં હિન્દુ, મુસ્લિમ, શિખ, ઈસાઈ, જૈન, બૌદ્ધ અને પારસી જેવા વિવિધ ધર્મોના લોકો સદીઓથી પરસ્પર પ્રેમ અને સહિષ્ણુતા સાથે વસવાટ કરે છે. અહીંની ભૌગોલિક અને ધાર્મિક ભિન્નતા ભારત માટે મર્યાદા નહીં, પરંતુ તેની સૌથી મોટી ઓળખ અને શક્તિ છે, જે 'વસુધૈવ કુટુમ્બકમ'ની ભાવનાને સાર્થક કરે છે. ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલી ધર્મનિરપેક્ષતાની મજબૂત દીવાલો આ એકતાને રક્ષણ આપે છે, જેના કારણે દરેક નાગરિક પોતાના ધર્મનું ગૌરવ જાળવીને પણ અંતે તો એક મજબૂત 'ભારતીય' બનીને રહે છે.આમ, વિવિધતામાં એકતા એ માત્ર એક સૂત્ર નથી, પરંતુ ભારતનો પ્રાણ છે જે આપણને વિશ્વભરમાં એક વિશિષ્ટ ગૌરવ અપાવે છે.

## સંદર્ભ સૂચિ

1.https://gujarativishwakosh.org/%E0%AA%B9%E0%AA%BF%E0%AA%A8%E0%AB%8D%E0%AA%A6%E0%AB%81-%E0%AA%A7%E0%AA%B0%E0%AB%8D%E0%AA%AE/ *25/01/2026.*

*2.શ્રીવાસ્તવ, કૃષ્ણચંદ્ર. પ્રાચીન ભારત કા ઇતિહાસ તથા સંસ્કૃતિ. અલ્હાબાદ: યુનાઇટેડ બુક ડિપો, 2019.*

*3.શર્મા, રામ શરણ. ભારત કા પ્રાચીન ઇતિહાસ અનુવાદક દેવશંકર નવીન અને ધર્મરાજ કુમાર. ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ.2018*

*4.પ્રાચીન ભારતનો ઇતિહાસ(પ્રાગૈતિહાસિક યુગથી ઈ.સ. છઠ્ઠી સદી સુધી) ડૉ. બાબાસાહેબ ઓપન યુનિવર્સિટી. આવૃતિ 2023.*

*5. વર્મા, વિશ્વનાથ. ગૌતમ બુદ્ધ કા જીવન ઔર ઉનકી શિક્ષાએં વારાણસી: હરિશ્ચંદ્ર સ્નાતકોત્તર મહાવિદ્યાલય, ૨૦૨૬. www.worldwidehistory.com.*

*6.આચાર્ય, નવીનચંદ્ર અને થોમસ પરમાર. જગતની અગ્રગણ્ય સભ્યતાઓ. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય. દ્વિતીય આવૃત્તિ 2002.*

*7. એજન.*

*8.શીખ ધર્મ – Gujarati Vishwakosh – ગુજરાતી વિશ્વકોશ https://share.google/E0GRzUGA8SpfqMkZv 25/01/26*